ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર, નાગપુર

**ICAR-Central Institute for Cotton Research, Nagpur**

An ISO 9001:2015 Certified Organization

# ૧૨ થી ૧૮ ડીસેમ્બર ૨૦૨૩ દરમ્યાન કપાસની ખેતી પધ્ધતિ માટે ૩૦ મી અઠવાડિક સલાહ

| ગુજરાત | | છેલ્લા અઠવાડિયામાં પડેલ ખરેખર વરસાદ (મીમી) | | | | | આગામી અઠવાડિયા માટે સુચિત / પુર્વાનુમાન વરસાદ (મીમી) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ડીસેમ્બર | | | | | ડીસેમ્બર | | | | |
| | | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| | અમરેલી | | | | | | | | | | |
| | ભાવનગર | | | | | | | | | | |
| | જામનગર | | | | | | | | | | |
| | રાજકોટ | | | | | | | | | | |
|  | જુનાગઢ | | | | | | | | | | |
| | સાબરકાંઠા | | | | | | | | | | |
| | સુરેન્દ્રનગર | | | | | | | | | | |
| | અમદાવાદ | | | | | | | | | | |
| | વડોદરા | | | | | | | | | | |
| | પાટણ | | | | | | | | | | |
| | મહેસાણા | | | | | | | | | | |
| કુલ પડેલ વરસાદ અને પ્રમાણિત રંગ | | ૦.૧ થી ૨.૪ મીમી | | ૨.૫ થી ૧૫.૫ મીમી | | ૧૫.૬ થી ૬૪.૪ મીમી | | ૬૪.૫ થી ૧૧૫.૫ | | ૧૧૫ થી ૨૦૪.૪ મીમી | |
| પડેલ વરસાદનું વર્ગીકરણ | | ખૂબ જ ઓછો વરસાદ | | ઓછો વરસાદ | | મધ્યમ વરસાદ | | ભારે વરસાદ | | અતિ ભારે વરસાદ | |

**પાક પરિસ્થિતિ :**

સુરત ખાતે વાવણી કરેલ પાક જીંડવા ખુલવાની તથા વીણીની અવસ્થાએ છે. વીણી ચાલુ છે. કેટલાંક ખેતરોમાં મોલોમશી અને ગુલાબી ઈયળની વસ્તીએ આર્થિક ક્ષમ્ય માત્રા વટાવેલ છે. લાલ પાન થવાનો રોગ મધ્યમ થી વધુ પ્રમાણમાં અને જીંડવાના મૂળનો સડો ઓછા થી મધ્યમ પ્રમાણમાં જોવા મળેલ છે.

જુનાગઢ ખાતે વાવણી કરેલ પાક જીંડવા વિકાસની અને જીંડવા ખુલવાની અવસ્થાએ છે. વીણી ચાલુ છે. ઘણા સ્થળોએ ગલાબી ઈળયનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં નોંધવામાં આવેલ છે. મોટા ભાગનાં ખેતરોમાં ગ્રે મીલ્ડયુ અને અલ્ટરનેરીયા પાનનાં ટપકાંનો રોગ નોંધવામાં આવેલ છે.

**સલાહ :**

સુરત ખાતે ખેડુતોને, કપાસના બીજ સુકા અને ભેજ/ ઝાંકળ રહિત હોય ત્યારે કપાસની વીણી કરવાની સલાહ આપવામાં આવે છે. વધુ સારો ભાવ મેળવવા માટે સંક્રમિત અને સ્વસ્થ કપાસને અલગ કરી દેવો. જો ચુસીયાં પ્રકારની જીવાતો તેની આર્થિક ક્ષમ્ય માત્રા વટાવે તો ફલોનીકામીડ ૫૦ ડબલ્યુજી @ ૪ ગ્રામ અથવા ડાયનોટેફયુરાન ૨૦ એસજી @ ૩ ગ્રામ અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ @ ૩ મીલી અથવા બુપ્રોફેઝીન ૨૫ એસસી @ ૨૦ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં નાંખી છંટકાવ કરવો. ગુલાબી ઈયળ તેની આર્થિક ક્ષમ્ય માત્રા વટાવે (૧૦% ફળાઉ ભાગોમાં નુકશાન અથવા સતત ૩ દિવસ સુધી ૮ ફુદાં પ્રતિ ટ્રેપ પ્રતિ રાત્રિ) ત્યાં સાયપરમેથ્રીન ૧૦% ઈસી @ ૧૦–૧૫ મીલી અથવા સાયપરમેથ્રીન ૨૫% ઈસી @ ૪–૬ મીલી અથવા લેમ્ડા સાયહેલોથ્રીન ૫% ઈસી @ ૧૦ મીલી અથવા ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી @ ૧૦ મીલી અથવા ફેન્પ્રોપાથ્રીન ૧૦% ઈસી @ ૧૫–૨૦ મીલી અથવા ફેન્વલેરેટ ૨૦ ઈસી @ ૧૦ મીલી અથવા આલ્ફાસાયપરમેથ્રીન ૧૦% ઈસી @ ૬ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં નાંખી છંટકાવ કરવો. બીટી કપાસમાં લાલ પાન થવાની સમસ્યાનાં નિયંત્રણ માટે સંપુર્ણ ખેતરમાં ફુલોનું બેસાણ વધુ હોય ત્યારે અને જીંડવા વિકાસની અવસ્થાએ એમ બે વખત ૧૫ દિવસનાં આંતરે મેગ્નેશિયમ સલ્ફેટ @ ૧ % + યુરીયા ૧% આપવું. જીંડવાનો સડો અને ખૂણિયાં ટપકાંનો રોગ આવતો અટકાવવા માટે કોપર ઓકસીકલોરાઈડ ૫૦ ડબલ્યુપી/ ડબલ્યુજી @ ૨૫–૩૦ ગ્રામ પ્રતિ ૧૦ લી. પ્રમાણે આપી વ્યવસ્થાપન કરવું. છોડમાં જોવા મળતા ફુગથી થતાં ટપકાંઓ, જીંડવાનો સડો તથા કોરીનોસ્પોરા પાનનાં ટપકાં રોગોનાં વ્યવસ્થાપન માટે કાર્બેન્ડેઝીમ ૧૨% + મેન્કોઝેબ ૬૩% ડબલ્યુપી @ ૩૦ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી @ ૧૦ મીલી અથવા કાર્બેન્ડેઝીમ ૫૦ ડબલ્યુપી @ ૪ ગ્રામ અથવા ફલુક્ષાપાયરોક્ષાડ ૧૬૭ ગ્રામ/ લી. + પાયરાકલોસ્થ્રોબીન ૩૩૩ ગ્રામ/ લી. એસસી @ ૬ મીલી અથવા એઝોક્ષાસ્ટ્રોબીન ૧૮.૨% ડબલયુ/ ડબલ્યુ + ડાયફેનોકોનાઝોલ ૧૧.૪% ડબલ્યુ/ ડબલ્યુ એસસી @ ૧૦ મીલી અથવા ક્રેસોક્ષીમ–મીથાઈલ ૪૪.૩% એસસી @ ૧૦ મીલી અથવા મેટીરામ ૫૫% + પાયરોકલોસ્ટ્રોબીન ૫% ડબલ્યુજી @ ૨૦ ગ્રામ/ ૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવાની સલાહ આપવમાં આવે છે. ખેતરમાંથી સંક્રમિત જીંડવાઓ અને પાકનાં અવશેષો ભેગા કરીને નાશ કરવો. રૂમાં ભેળસેળ અટકાવવા, કપાસની વીણી અને સંગ્રહ કરવા કંટાણ અથવા પ્લાસ્ટીકની બેગની જગ્યાએ કાપડની બેગનો ઉપયોગ કરવો. કપાસની વીણી કર્યા બાદ તેમાંથી ભેજ ઓછો કરવા પાકા ભોયતળિયા ઉપર પાથરી

**અથવા તાડપતરી ઉપર ફેલાવી  સુર્યપ્રકાશની હાજરીમાં ટપવા દેવું. પુર્ણ સ્વરૂપે ખુલેલા જીંડવામાંથી સમયસર વીણી કરી લેવી. ગુલાબી ઈયળથી ઉપદ્રવિત અને તંદુરસ્ત વીણેલ કપાસ જુદો રાખવી. ઉપદ્રવિત જીંડવાઓથી થતો ગુલાબી ઈયળનો ફેલાવો અટકાવવા કપાસની કરસાંઠીઓને ઉખાડીને નાના ટુકડા કરી કંપોસ્ટીંગ માટે ઉપયોગ કરવો. કરસાંઠીઓનો ખેતરોનાં શેઢાપાળા ઉપર કે નજીકની કોલોનીમાં ઢગલાંઓમાં સંગ્રહ ન કરવો. કપાસનાં પાકની વીણી પુરી થયા બાદ યાંત્રિક શ્રેડરની મદદથી કપાસની કરસાંઠીઓને જમીનમાં ભેળવી દેવાથી ગુલાબી ઈયળની વસ્તીમાં ઘટાડ કરી શકાય છે. કોહવાયેલાં જીંડવાઓ, પાકનાં રોગિષ્ઠ અવશેષો અને જમીન અથવા છોડ ઉપર રહેલ પાક અવશેષોનો ખેતરમાંથી નિકાલ કરવાથી જંતુઓનો ફેલાવો અને રોગકારકોનાં બીજનાં પ્રમાણમાં ઘટાડો થાય છે.**

**જુનાગઢ ખાતે ખેડુતોને, ગુલાબી ઈયળ તેની આર્થિક ક્ષમ્ય માત્રા વટાવે (૧૦% ફળાઉ ભાગોમાં નુકશાન અથવા સતત ૩ દિવસ સુધી ૮ ફુદાં પ્રતિ ટ્રેપ પ્રતિ રાત્રિ) ત્યાં સાયપરમેથ્રીન ૧૦% ઈસી @ ૧૦–૧૫ મીલી અથવા સાયપરમેથ્રીન ૨૫% ઈસી @ ૪–૬ મીલી અથવા લેમ્ડા સાયહેલોથ્રીન ૫% ઈસી @ ૧૦ મીલી અથવા ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી @ ૧૦ મીલી અથવા ફેન્પ્રોપાથ્રીન ૧૦% ઈસી @ ૧૫–૨૦ મીલી અથવા ફેન્વલેરેટ ૨૦ ઈસી @ ૧૦ મીલી અથવા આલ્ફાસાયપરમેથ્રીન ૧૦% ઈસી @ ૬ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં નાંખી છંટકાવ કરવો. જીંડવાનો સડો અને ખૂણિયાં ટપકાંનો રોગ આવતો અટકાવવા માટે કોપર ઓકસીકલોરાઈડ ૫૦ ડબલ્યુપી/ ડબલ્યુજી @ ૨૫–૩૦ ગ્રામ પ્રતિ ૧૦ લી. પ્રમાણે આપી વ્યવસ્થાપન કરવું. છોડમાં જોવા મળતા કોરીનોસ્પોરા, જીંડવાનાં સડાનાં અને ફુગથી થતાં ટપકાંઓ જેવાં રોગોનાં વ્યવસ્થાપન માટે કાર્બેન્ડેઝીમ ૧૨% + મેન્કોઝેબ ૬૩% ડબલ્યુપી @ ૩૦ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી @ ૧૦ મીલી અથવા કાર્બેન્ડેઝીમ ૫૦ ડબલ્યુપી @ ૪ ગ્રામ અથવા ફલુક્ષાપાયરોક્ષાડ ૧૬૭ ગ્રામ/ લી. + પાયરાકલોસ્થ્રોબીન ૩૩૩ ગ્રામ/ લી. એસસી @ ૬ મીલી અથવા એઝોક્ષાસ્ટ્રોબીન ૧૮.૨% ડબલયુ/ ડબલ્યુ + ડાયફેનોકોનાઝોલ ૧૧.૪% ડબલ્યુ/ ડબલ્યુ એસસી @ ૧૦ મીલી અથવા મેટીરામ ૫૫% + પાયરોકલોસ્ટ્રોબીન ૫% ડબલ્યુજી @ ૨૦ ગ્રામ/ ૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવાની સલાહ આપવમાં આવે છે. ગ્રે મીલ્ડયુને નિયંત્રિત કરવા એઝોક્ષાસ્ટ્રોબીન ૧૮.૨% ડબલયુ/ ડબલ્યુ + ડાયફેનોકોનાઝોલ ૧૧.૪% ડબલ્યુ/ડબલ્યુ એસસી @ ૧૦ મીલી અથવા ક્રેસોક્ષીમ મીથાઈલ ૪૪.૩ % એસસી @ ૧૦ મીલી અથવા કાર્બેન્ડેઝીમ ૧૨% + મેન્કોઝેબ ૬૩% ડબલ્યુપી @ ૩૦ ગ્રામ/ ૧૦ લી. પાણીમાં નાંખી છાંટવાની ભલામણ છે. ખેતરમાંથી સંક્રમિત જીંડવાઓ અને પાકનાં અવશેષો ભેગા કરીને નાશ કરવો.**

**કપાસ ઉત્પાદનની તાંત્રિકતા આધારિત વિસ્તૃત માહિતી દા.ત. જમીનની પસંદગી, જાતો/ સંકરો, ખાતર આપવાની પધ્ધતિ, વાવણીની રીત, પિયત પધ્ધતિઓ, નિંદામણ, કિટકો અને રોગોનું વ્યવસ્થાપન વિગેરેની માહિતી એન્ડ્રોઈડ આધારીત** CICR Cotton App. **કે જે** ICAR-CICR, **નાગપુર દ્વારા તૈયાર કરેલ છે. આ એપ ગુગલ પ્લે સ્ટોરમાંથી વિના મુલ્યે ડાઉનલોડ કરી શકાય છે. વધુમાં, પાક વૃધ્ધિ અવસ્થા અને હવામાન આધારિત અઠવાડિક સલાહ** ICAR-CICR, **નાગપુરની વેબસાઈટ ઉપર ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ છે જેનો લાભ ખેડુતો લઈ શકે છે.**